# સોગંદનામું

**(રૂા. ૩૦૦ના સ્ટેમ્પ પેપર પર નોટરી કરાવવું)**

(૧) શ્રી/શ્રીમતી ............................................................................, ઉંમર વર્ષ .............

રહેવાસી ............................................................................ મારા ધર્મના સોગંદપૂર્વક

આ સાથે જાહેર કરું છું કે શ્રી/શ્રીમતી/સ્વ. ............................................................ એ

મારા સંબંધે માતા/પિતા/દાદા/દાદી થાય છે કે જેઓ રાજકોટ મહાનગરપાલિકામાં કાયમી સફાઇ કામદાર તરીકે

સને ...................... થી ...................... દરમ્યાન નોકરી કરતાં હતાં.

(૨) હું અને મારો પરિવાર છેલ્લા .................... વર્ષથી રાજકોટ શહેરમાં વસવાટ કરીએ છીએ.

(૩) મારા પરિવારના નીચે દર્શાવેલ સભ્યમાંથી કોઈપણ વ્યક્તિ સરકારી / અર્ધ સરકારી / પબ્લિક સેક્ટર યુનિટમાં

નોકરી કરતાં નથી.

| ક્રમ | પૂરું નામ | ઉંમર વર્ષ | અરજી કરનાર સાથે સંબંધ | નોકરી/ધંધો |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ઉપર દર્શાવેલ તમામ વિગતો સંપૂર્ણપણે સાચી છે અને જે કોઈપણ તબક્કે ખોટી પૂરવાર થવાના કિસ્સામાં મારી નોકરી માટેની ઉમેદવારી રાજકોટ મહાનગપાલિકા રદ ઠેરવી શકે છે તથા ખોટું સોગંદનામું કરવું એ ફોજદારી ગુન્હો બને છે તેની મને જાણ છે.

તારીખ : ____________________ સહી/અંગૂઠાનું નિશાન____________________

સ્થળ : ____________________ નામ : ____________________

## રાજકોટ મહાનગરપાલિકા

## રોજમદાર સફાઈ કામદાર ( પાર્ટ ટાઇમ )ની ભરતી અંગેના નિયમો અને સૂચનાઓ

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ માટે સરકારશ્રીના મીનીમમ વેજીસના ધોરણે ભરતી કરવા અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | રોજમદાર સફાઈ કામદાર (પાર્ટ ટાઇમ) | ૫૩૨ |
| | પગાર | પગાર સરકારશ્રીના વખતો વખતના બિન કુશળ કામદારના મીનીમમ વેજીસના ધારાધોરણ મુજબ |
| | વયમર્યાદા | વય ૧૮ થી ૪૫ વર્ષ ( અરજી સ્વીકારવાની અંતિમ તારીખની સ્થિતિએ ) |
| | અન્ય લાયકાત | • ઉમેદવાર અને તેનો પરિવાર ઓછામાં ઓછા ૨૦ કે તેથી વધુ વર્ષથી રાજકોટ શહેરનો રહેવાસી હોવો જોઈએ.<br>• ઉમેદવારના માતા/પિતા/દાદા/દાદી રાજકોટ મહાનગરનગરપાલિકામાં કાયમી સફાઈ કામદાર રહી ચુકયા હોય. તે ઉમેદવાર જ અરજી કરી શકશે.<br>• ઉમેદવારના પરિવારના કોઈપણ વ્યક્તિ સરકારી, સરકારી અર્ધ/પબ્લિક સેકટર યુનિટમાં નોકરી ન કરતા હોવા જોઈએ. ( કુટુંબની વ્યાખ્યા પતિ, પત્ની અને બાળકો) |

૧. ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની તમામ વોર્ડ ઓફીસ તથા તમામ ઝોનના સિવિક સેન્ટર ખાતેથી ઓફિસના સમય દરમ્યાન તા.૨૧/૦૮/૨૦૨૪ થી તા.૧૧/૦૯/૨૦૨૪ સુધીમાં નિયત અરજી ફોર્મ (નિ-શુલ્ક) મળી શકશે..

૨. નિયત ફોર્મ સિવાય રજુ થયેલ અરજીઓ, અધુરી વિગત દર્શાવતી તેમજ જાહેરાત પ્રસિદ્ધ થાય અગાઉની અરજીઓ તથા નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ રદબાતલ ગણાશે.

૩. ભરેલ અરજી ફોર્મ જરૂરી આધાર પુરાવાઓ જેવા કે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો તથા જન્મ તારીખનો આધાર, રાજકોટ મહાનગરપાલિકાના કાયમી કામદાર હોવા અંગેના આધાર તેમજ તેની સાથેનો સંબંધ પુરવાર કરવા માટે રજુ કરેલ આધાર પુરાવાની સ્વ-પ્રમાણિત અથવા રાજ્ય પાત્રિત અધિકારીશ્રીએ પ્રમાણિત કરેલ નકલ જોડવાની રહેશે.

૪. ભરેલ અરજી ફોર્મ જરૂરી આધાર પુરાવાઓ સાથે કચેરીના કામકાજના દિવસો દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકાની ત્રણેય ઝોનના સિવિક સેન્ટર ખાતે અરજી સવારે ૧૦:૩૦ થી બપોરે ૦૫:૦૦ (૨.૦૦ થી ૨.૩૦ રીસેશ) દરમ્યાન તા.૨૧/૦૮/૨૦૨૪ થી તા.૧૩/૦૯/૨૦૨૪ સુધીમાં ફક્ત રૂબરૂ જ સ્વીકારવામાં આવશે.

૫. ઉંમરના પુરાવા તરીકે જન્મનો દાખલો/સ્કુલ લિવીંગ સર્ટીફિકેટ તેમજ ફોટો આઇ.ડી. તરીકે આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૬. રાજકોટ શહેરમાં ૨૦ કે તેથી વધુ વર્ષથી રહેતા હોવાના પુરાવા તરીકે નિયત નમુના મુજબનું નોટોરાઈઝ સોગંદનામુ રજુ કરવાનું રહેશે.

૭. ઉમેદવારના માતા/પિતા/દાદા/દાદી રાજકોટ મહાનગરપાલિકામાં કાયમી સફાઈ કામદાર રહી ચુકયા હોય, તેના પુરાવા રૂપે પેન્શન બુકની સ્વ- પ્રમાણિત નકલ અથવા કાયમી સફાઈ કામદાર તરીકેની પગાર સ્લીપની સ્વ-પ્રમાણિત નકલ અથવા કાયમી સફાઈ કામદાર તરીકે નિમણુક કે નિવૃતિના હુકમની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. તેમજ આ સફાઈ કામદાર સાથેનો ઉમેદવારનો સંબંધ પુરવાર કરતા વારસાંઇ આંબાની અથવા પાન કાર્ડ, રેશનકાર્ડ વિગેરે જેવા આધાર પુરાવાની સ્વ-પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

૮. ઉમેદવારના પરિવારના કોઈપણ વ્યક્તિ સરકારી, અર્ધ-સરકારી કે પબ્લીક સેકટર યુનિટમાં નોકરી કરતા ન હોય, તે માટેનું નિયત કરેલ નમુના મુજબનું નોટરાઈઝડ (રૂ.૩૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર) સોગંદનામું (ઓરીજનલ) રજુ કરવાનું રહેશે.

૯. નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની જરૂરી આધાર-પુરાવા સાથેની જ અરજી સ્વીકારવામાં આવશે.

૧૦. વયમર્યાદા માટે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખની સ્થિતિએ ઉંમરની ગણતરી કરવામાં આવશે.

૧૧. ઉમેદવારોને ડોકયુમેન્ટ વેરીફીકેશન અર્થે જે સમયે અને સ્થળે ઓરીજીનલ ડોકયુમેન્ટ સાથે રૂબરૂ મળવા જણાવવામાં આવે ત્યારે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે અન્યથા તેની ઉમેદવારી રદ થવા પાત્ર થશે.

૧૨. આવેલ અરજીની સંખ્યાને ધ્યાને લઇ પાત્રતા ધરાવતા ઉમેદવારોમાંથી કોમ્પ્યુટરાઇઝ ડ્રો કરી, ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. કોમ્યુટરાઈઝ ડ્રોના પરિણામને તમામે ગ્રાહ્ય રાખવાનો રહેશે. જેમાં કોઈ વાંધો લઇ શકાશે નહી.

૧૩. ભરતી પ્રક્રિયાનું કોઈપણ ફોર્મ કે સમગ્ર ભરતી પ્રક્રિયા કોઈપણ તબક્કે રદ કરવા અંગેની સંપૂર્ણ સત્તા રાજકોટ મહાનગરપાલિકા રહેશે જે તમામ ઉમેદવારોને બંધન કરતા રહેશે.

૧૪. કાનૂની કાર્યવાહીના કિસ્સામાં ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે.

૧૫. વધુ માહિતી માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ત્રીજો માળ, રૂમ નં.-૨, સેન્ટ્રલ ઝોન કચેરી, રાજકોટનો સંપર્ક કરવાનો રહેશે.

૧૬. કોઈપણ ઉમેદવાર એક જ જગ્યા માટે એક કરતા વધુ અરજી કરશે તો તેઓની અરજી/અરજીઓ રદ કરવા અંગે નિર્ણય કરવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.

૧૭. પસંદગી પામેલ ઉમેદવારની નિર્મણુક સતાધિકારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

૧૮. ઉમેદવારે અરજીમાં કોઈપણ માહિતી ખોટી દર્શાવિલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ કરવામાં આવશે. તથા તેઓ લાયકાત ધરાવતા (Passing Standard) હશે તો પણ તેમની ઉમેદવારી રદ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણુંક સમયે રજુ કરેલ આધારપુરાવા ખોટા માલુમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તે કોઈપણ તબક્કે નિમણુંક રદ કરવામાં આવશે.

૧૯. આ ભરતી અંગેની જાહેરખબર કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો રાજકોટ મહાનગરપાલિકાનો સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

૨૦. શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારોએ ફોર્મમાં પોતાની અશકતતાની ટકાવારી/વિગત અચૂક દર્શાવવાની રહેશે.

૨૧. શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે તેમનું અશકતતા દર્શાવતું સિવિલ સર્જનનું સર્ટીફિકેટની સ્વ-પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે.

**સહી : ડી. પી. દેસાઈ** IAS
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા